Letter No: ED/0536/08/2025 Approved Date: 26-08-2025

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ-૧૯૭૪ ના વિનિયમ ક્રમાંક-૨૨ માં સુધારો કરવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક : ED/CON/e-file/3/2025/4009/CHH
સચિવાલય, ગાંધીનગર.
તા. ***e-Sign*** મુજબ

<u>વંચાણે લીધા</u> :-

૧. નાણા વિભાગનો તા:૧૬/૦૨/૨૦૦૬ નો ઠરાવક્રમાંક: ખરચ/૨૦૦૨૫૯/૭-૧

૨. શિક્ષણ વિભાગનો તા:૨૮/૦૧/૨૦૦૮ નો ઠરાવ ક્રમાંક: બમશ/૧૧૦૬/૧૪૨૨/ગ

૩. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરનો તા.૨૧/૦૭/૨૦૨૫ નો પત્ર ક્રમાંક મઉમશબ/સંશોધન/૨૦૨૫/૧૯૨૪-૨૫

<u>આમુખ</u> :-

નાણા વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક : (૧) સામેના ઠરાવથી રાજ્યમાં ફિક્સ પગાર ધોરણની નિતી અમલમાં આવેલ છે. આ નીતી અંતર્ગત રાજ્ય સરકારની/બોર્ડ/કોર્પોરેશન/ગ્રાન્ટ-ઇન-એઇડ સંસ્થાઓની વર્ગ-૩ અને વર્ગ-૪ની તમામ જગ્યાઓ પાંચ વર્ષના સમયગાળા માટે ફિક્સ પગારના અજમાયશી તરીકે જ ભરવાનું ઠરાવવામાં આવેલ છે. શિક્ષણ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક : (૨) સામેના ઠરાવથી બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સહાયક, વહીવટી સહાયક અને સાથી સહાયકની ભરતી કરવા માટે નાણા વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક : (૧) સામેના તા:૧૬/૦૨/૨૦૦૬ ના ઠરાવની બોલીઓ અને શરતો લાગુ કરવામાં આવેલ છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા વંચાણે લીધા ક્રમાંક : (૩) સામેના પત્રથી વંચાણે લીધેલ ક્રમ (૧) અને (૨) સામેના ઠરાવથી નિયત થયેલ નિતીઓ અન્વયે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ ના વિનિયમ-૨૨ માં આનુષાંગિક સુધારાઓ કરવા દરખાસ્ત મોકલી આપવામાં આવેલ છે, જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ</u> :-

પુખ્ત વિચારણાને અંતે, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ-૧૯૭૪ ના વિનિયમ ક્રમાંક-૨૨ માં નીચે મુજબની હાલની જોગવાઈની સામે સુધારેલ જોગવાઈને આથી મંજૂરી આપવામાં આવે છે.

| હાલની જોગવાઈ | સુધારેલ જોગવાઈ |
|---|---|

Signature Not Verified
Signed by: Rajdeepsinh S Rathod
Section Officer
Date: 2025.08.26 17:07:17 +05:30

| | | |
|---|---|---|
| કોઈ વ્યક્તિની હેડમાસ્તર, શિક્ષક અથવા બિન-અધ્યાપકીય સ્ટાફના સભ્ય તરીકે હંગામી ધોરણ સિવાય બીજી રીતે નિમણૂક કરવામાં આવે ત્યારે, સંચાલકો નિર્ણય કરે તે મુજબ તે બે વર્ષ કરતાં વધારે ન હોય તેટલી મુદ્દત સુધી પ્રોબેશન (અજમાયશી) ઉપર રહેશે અને સદરહુ મુદ્દતમાં સંતોષકારક નોકરી પૂરી થયે તે વ્યક્તિ, કાયમી કર્મચારી ગણાશે. | ૧. | કોઈ વ્યક્તિની હેડમાસ્તર તરીકે હંગામી ધોરણ સિવાય બીજી રીતે નિમણૂક કરવામાં આવે ત્યારે, સંચાલકો નિર્ણય કરે તે મુજબ, આવી વ્યક્તિ બે વર્ષની મુદત સુધી પ્રોબેશન (અજમાયશી સમયગાળા) ઉપર રહેશે અને સદરહુ મુદ્દતમાં સંતોષકારક નોકરી પૂરી થયે તે વ્યક્તિને લાંબાગાળાની નિમણૂક આપતા આદેશ કરવાનાં રહેશે. |
| | ૨. | જે કર્મચારીની શિક્ષક અથવા બિન-અધ્યાપકીય સ્ટાફના સભ્ય તરીકે સરકારશ્રીના પ્રવર્તમાન નીતિ નિયમ મુજબ ફિક્સ પગારથી નિમણૂક કરવામાં આવે ત્યારે પાંચ વર્ષના સમયગાળા માટે આ નિમણૂક કરાર આધારિત રહેશે. સદરહું મુદતમાં સંતોષકારક નોકરી પૂરી થયેથી તે વ્યક્તિને લાંબાગાળાની નિમણૂક આપતા આદેશ કરવાના રહેશે. |

આ ઠરાવ સરખા ક્રમાંકની ફાઈલ પર સરકારશ્રીની તા.૧૩/૦૮/૨૦૨૫ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હૂકમથી અને તેમના નામે,

**e-Sign**

(રાજદીપસિંહ રાઠોડ)

સેક્શન અધિકારી

શિક્ષણ વિભાગ

<u>નકલ રવાના</u> :-

- માન.મંત્રીશ્રી(પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી(પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન.રા.ક.મંત્રીશ્રી(પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ), બ્લોક-૫/૭, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (નાણા વિભાગ), બ્લોક-૪/૫, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, શાળાઓની કચેરી, વિદ્યા સમીક્ષા કેંદ્ર, સેકટર-૧૯, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, વિદ્યા સમીક્ષા કેંદ્ર, સેકટર-૧૯, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, સેક્ટર-૧૦બી, ગાંધીનગર.
- સચિવશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.
- તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ (ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ મારફતે)

Letter No: ED/0536/08/2025 Approved Date: 26-08-2025

- સેક્શન અધિકારીશ્રી, ગ/ગ.૧ /ગ.૨ શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર(આ ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવાની વિનંતી સહ.)
- ના.સે.અ સિલેક્ટ ફાઈલ.
- સિલેક્ટ ફાઈલ-૨૦૨૫.

ક્રમાંક:મઉમશબ/સંશોધન/2025/2658-92
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-10 બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.11/09/2025

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ)
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
ગુજરાત રાજ્ય.

જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂં.

સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.